Original Article
ISSN (Online): 2582-7472

ShodhKosh: Journal of Visual and Performing Arts
January-June 2024 5(1), 3257–3265

# WOMEN'S POWER AND NATION BUILDING: THE ROLE OF WOMEN AS THE PILLAR OF HINDU CULTURE FROM VEDIC TIMES TO THE PRESENT

# નારી શક્તિ અને રાષ્ટ્ર નિર્માણ : વેદકાળ થી વર્તમાન સમય સુધીના હિન્દુ સંસ્કૃતિ ના આધારસ્તંભ તરીકે સ્ત્રી ની ભૂમિકા

Dhwani Shah [1]

[1] Research student, Visual Arts Department, Allahabad University, Prayagraj, India
[2] Head of Department, Visual Arts Department, Allahabad University, Prayagraj, India

**Corresponding Author**
Dhwani Shah, dhwani.mhaskar-dance@msubaroda.ac.in

**DOI**
10.29121/shodhkosh.v5.i1.2024.5986

**Funding:** This research received no specific grant from any funding agency in the public, commercial, or not-for-profit sectors.

**Copyright:** © 2024 The Author(s). This work is licensed under a Creative Commons Attribution 4.0 International License.

With the license CC-BY, authors retain the copyright, allowing anyone to download, reuse, re-print, modify, distribute, and/or copy their contribution. The work must be properly attributed to its author.

OPEN ACCESS

## ABSTRACT

**English:** Women have held a high position in Indian culture since the beginning. From Vedic times to the present day, women have made important contributions to society through their divine qualities like beauty, power, knowledge and compassion. This research paper, under the motto of "Nari Mahatmya", reveals the sources of women's power through an in-depth analysis of texts like Vedas, Upanishads, Gita, Ramayana, Mahabharata and Manusmriti. Lakshmi, Saraswati and Kali represent the feminine element as a triple power. Historical women like Gargi, Damayanti, Maitri and modern-day talents like Kalpana Chawla, Lata Mangeshkar, Sudha Murthy and Kiran Bedi show how women can excel in every field. This research paper supports the fact that a complete human being is created only where there is a harmony of feminine and masculine qualities. The symbol of Ardhanarinteswar is a spiritual example of balance. Women are not just collaborators, but also creative, nurturing and transformative forces. The purpose of this research paper is to inspire today's generation to respect the value of women and to recognize their own strength and move forward. From the Vedas and Upanishads to the modern era, women have strengthened various pillars of Indian culture. Women have always created new values in the land of India's great culture. Even today, the contribution of women power in the formation and development of this nation is unparalleled.
This research paper has tried to show that India is a nation that has been formed on the basis of women power, is still being formed today and will shine with its luminous presence in the future as well.

**Hindi:** ભારતીય સંસ્કૃતિમાં નારીનું સ્થાન આરંભથી જ ઉચ્ચ રહ્યું છે. વેદકાળથી માંડીને આજના આધુનિક યુગ સુધી નારીએ સૌંદર્ય, શક્તિ, વિદ્યા અને કરુણા જેવા દૈવી ગુણો દ્વારા સમાજમાં અગત્યનું યોગદાન આપ્યું છે. આ સંશોધન પત્ર "નારી મહાત્મ્ય" ના ઉદ્દેશ્ય હેઠળ, વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ, મહાભારત અને મનુસ્મૃતિ જેવા ગ્રંથોના ઊંડા વિશ્લેષણ દ્વારા નારી શક્તિના સ્રોતોને ઉજાગર કરે છે. લક્ષ્મી, સરસ્વતી અને કાલી ત્રિવિધ શક્તિ તરીકે સ્ત્રીના તત્વને પ્રતિનિધિત્વ આપે છે. ગાર્ગી, દમયંતી, મૈત્રી જેવી ઐતિહાસિક નારીઓ અને આધુનિક સમયમાં કલ્પના ચાવલા, લતા મંગેશકર, સુધા મૂર્તિ અને કિરણ બેદી જેવી પ્રતિભાઓના ઉદાહરણો બતાવે છે કે નારી કઈ રીતે દરેક ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરી શકે છે. આ શોધપત્ર આ તથ્યને સમર્થન આપે છે કે સંપૂર્ણ માનવ વ્યક્તિ ત્યાંજ બને, જ્યાં સ્ત્રી અને પુરુષના ગુણોનો સમન્વય હોય. અર્ધનારીનટેશ્વરનું પ્રતિક એ સમતોલતાનું આધ્યાત્મિક દ્રષ્ટાંત છે. નારી માત્ર સહયોગી નહિ,

પરંતુ સર્જક, પોષક અને પરિવર્તનશીલ શક્તિ છે. આ સંશોધન પત્ર દ્વારા આજની પેઢીને નારીના મૂલ્યને માન આપવા અને પોતાનો આત્મબળ ઓળખી આગળ વધવા પ્રેરણા મળે એ હેતુ છે.
વેદો તથા ઉપનિષદોમાંથી લઈને આધુનિક યુગ સુધી સ્ત્રીએ ભારતીય સંસ્કૃતિના વિવિધ સ્તંભોને મજબૂત કર્યા છે. ભારતની ઉત્તમ સંસ્કૃતિ ધરાવતી ભૂમિમાં સ્ત્રીઓએ હંમેશા નવા મૂલ્યોનું નિર્માણ કર્યું છે. આજે પણ આ રાષ્ટ્રના ઘડતર અને વિકાસમાં સ્ત્રીશક્તિનું યોગદાન અપ્રતિમ છે.
આ સંશોધન પત્રે એ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે કે ભારત એક એવું રાષ્ટ્ર છે જે સ્ત્રીશક્તિના આધારે ઘડાયું છે, આજે પણ ઘડાઈ રહ્યું છે અને ભવિષ્યમાં પણ એની જ પ્રકાશમય ઉપસ્થિતિથી ઝળહળશે.

**Keywords:** Women's Greatness, Power, Vedic Women, Ardhanarinteswar, Women Empowerment, Divine Female Element, Indian Culture નારી મહાત્મ્ય, શક્તિ, વેદકાલીન નારીઓ, અર્ધનારીનટેશ્વર, નારી સશક્તિકરણ, દૈવી નારી તત્વ, ભારતીય સંસ્કૃતિ

## 1. પ્રસ્તાવના

## નારી તત્વ અને શક્તિ – એક પરિચય

પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં લક્ષ્મી, કાલી અને સરસ્વતી તરીકે ત્રિવિધ શક્તિઓનું પૂજન થાય છે. લક્ષ્મી સોમ્યતા અને સમૃદ્ધિનું પ્રતીક છે, કાળી રુદ્રતા અને શૌર્યનું પ્રતીક છે અને સરસ્વતી વિદ્યા તથા વિવેકનું. આજ સુધી કોઈ પુરુષ દેવને આવાં ત્રિવિધ સ્વરૂપે પૂજવામાં નથી આવ્યા – એજ દર્શાવે છે કે સ્ત્રીમાં રહેલી શક્તિ માત્ર ઘરના મર્યાદિત પરિઘમાં નથી, પણ સમગ્ર વિશ્વ માટે અનુગ્રહરૂપ છે.

સ્ત્રીમાં આ ત્રણે તત્વો સમાનરૂપે રહેલા છે:

સૌમ્યતા (લક્ષ્મી) દ્વારા સ્નેહ અને શાંતિનું સંવહન,

રુદ્રતા (કાળી) દ્વારા દુષ્ટ નાશ અને રક્ષણ,

જ્ઞાન (સરસ્વતી) દ્વારા સભ્યતાનો વિકાસ.

સમાજમાં હંમેશાં આ ત્રણે શક્તિઓની જરૂરિયાત છે. માટે જ સ્ત્રીને "સૃષ્ટિની સર્જનહાર", "સૌંદર્યની સામ્રાજ્ઞી", "મમતા નો મહાસાગર", "પ્રેમની પ્રતિમા" અને "શક્તિનો ધોધ" ગણવામાં આવી છે.

ઓશો રજનીશ કહે છે:

"સ્ત્રીની સંપત્તિ તેનું હૃદય છે, તેની ઋજુતા છે, તેનું સૌંદર્ય છે, તેનો પ્રેમ છે. સ્ત્રી પુરુષની સહયોગી નહીં, પોતાની જાતે પૂર્ણ શક્તિ છે. જો તે પોતાની શક્તિઓ ઓળખે, તો પુરુષ કરતાં પણ વધુ બળવાન સાબિત થઈ શકે છે."

આથી નારીનું મહાત્મ્ય એમાં છે કે તે પોતાનું તત્વ જીવંત રાખે, પોતાનું ગૌરવ ગુમાવ્યા વગર પોતાનું સત્વ ઉજાગર કરે. નારી સમાજ માટે આદરણીય પાત્ર છે કારણ કે એ "સંસ્કૃતિની સંવાહક" છે.

## 2. નારી શક્તિની ઐતિહાસિક પ્રતિષ્ઠા

ઇતિહાસમાં ડોકિયું કરીએ તો જયાં-જ્યાં નારી શક્તિ જાગૃત થઈ છે, ત્યાં નોંધપાત્ર પરિવર્તનો થયાં છે. સ્ત્રી તત્વ ત્રણ સ્વરૂપે વિધમાન રહેલું હોય છે: મમત્વ, બુદ્ધિ, અને શૌર્ય. આ ત્રણે તત્વો ભેગાં મળી 'આદ્ય શક્તિ'નું સ્વરૂપ ધારણ કરે છે – જેના માટે વેદો અને શાસ્ત્રોમાં "જગન્માતા" અને "જગત્દાયિની" શબ્દો ઉપયોગમાં આવ્યા છે.

વિદ્વાનોએ કહ્યું છે:

"જે કર ઝૂલાવે પારણું, તે જગત પર શાસન કરે."

જગતપિતા કરતા જગન્માતાનું સ્થાન વધુ મહત્ત્વનું છે. એથી જ વેદોમાં ગાયત્રી દેવીને વેદમાતા માનવામાં આવે છે – જે બુદ્ધિની દેવી છે, જ્ઞાનનું પ્રતીક છે.

વેદ યુગથી લઈને આધુનિક ઇન્ટરનેટ યુગ સુધી, નારીતત્વે સમાજ પર અનેકવિધ ઋણ સ્થાપ્યા છે.

પ્રાચીન વેદકાળની નારીઓમાં:

લોપામુદ્રા, જે પતિ અગ્રસ્ત્ય રુષિની સહયોગી રહી,

અનસૂયા, જેમણે દેવતાઓને દીકરા રૂપે પ્રાપ્ત કર્યા,

મૈત્રીઈ, જેમણે યાજ્ઞવલ્ક્ય પાસેથી આત્મજ્ઞાન મેળવ્યું,

ગાર્ગી, જેઓ જ્ઞાનવલ્ક્ય સાથે તર્ક વિવાદમાં ટકી રહી,

અપાલા, વૈદિક કાળની પ્રસિદ્ધ કવિ અને તપસ્વિ,

સાવિત્રી, જેમણે યમરાજ સામે તર્ક કરી પતિના જીવને પાછા પથરાવ્યા.

આ બધી નારીઓ માત્ર આધ્યાત્મિક શક્તિથી નહિ પણ તેમના આત્મવિશ્વાસ અને બુદ્ધિબળથી ભવ્ય માનવ મૂલ્યો ઊભા કર્યા. આ પ્રમાણે ભારતીય સંસ્કૃતિમાં નારી માત્ર સમાજની પાંખ નથી, પણ સમગ્ર સંસ્કૃતિનું આકાશ છે.

## 3. વેદ અને ઉપનિષદમાં નારીના આત્મબળનું ગૌરવ

વેદોમાં અનેક સ્ત્રીઓ ઋષિકા તરીકે ભવ્ય સ્થાન ધરાવે છે. જેમકે:

વાગાંભૃણી – ઋગ્વેદના પ્રસિદ્ધ સૂક્તની રચયિત્રી.

સૂક્તના પંક્તિઓમાં તે કહે છે:

अहं राष्ट्री संगमनी वसूनां चिकित्वती प्रथमायज्ञियानाम्। (ઋગ્વેદ, મંડલ ૧૦, સુક્ત ૧૨૫, મંત્ર ૩)

અહં રાષ્ટ્રી સંગમની વસૂનામ્ ચિકિતૂષી પ્રથમા યજ્ઞીયાનામ્. ।

"અહં રાષ્ટ્રી સંગમની વસૂનામ્..."

"હું રાષ્ટ્રદેવતા છું, સર્વ સદગુણોના સંગમરૂપે જગતમાં કાર્યરત છું."

અને પછી કહે છે:

"ચિકિતુષી પ્રથમા યજ્ઞીયાનામ્. ।

હું અજ્ઞાનીઓમાં જ્ઞાન જાગૃત કરનારી પ્રથમ સ્ત્રી છું."

અહીં વેદોમાં નારીનું ગૌરવ માત્ર પ્રકૃતિરૂપ ચોય નહીં, પણ આત્મબળ અને વૈદિક જ્ઞાનની મૂર્તિ રૂપે સ્વીકૃત છે.

ઉપનિષદોમાં પણ એજ ભાવના દેખાય છે. (કેનો ઉપનિષદ પ્રમાણે):

અગ્નિ અને ઇન્દ્રે તપસ્યા કરી પણ બ્રહ્મતત્ત્વને નહીં ઓળખી શક્યું, પરંતુ ત્યારબાદ ઉમા હેમવંતીનાં દર્શન થકી તેમને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું.

તે ઉમા દેવીઓ જ બ્રહ્મવિદ્યા આપી શકતી હતી – જે દર્શાવે છે કે નારી જ્ઞાનની પ્રવાહી છે.

તે ઉપરાંત તૈત્તિરીય ઉપનિષદમાં સ્પષ્ટ આજ્ઞા છે:

"માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ..."

અહીં માતા પહેલા આવે છે – એટલે કે જીવનમાં માતાનું સ્થાન પિતા અને ગુરૂ કરતાં પણ શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે

શ્રીરામ રામાયણમાં કહે છે:

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी।

(રામાયણ, ઉત્તરકાંડ)

"જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપી ગરીયસી"

"માતૃભૂમિ અને માતા સ્વર્ગ કરતાં પણ મહાન છે."

આ બધું વેદ,ઉપનિષદ અને ઋષિઓ દ્વારા કહેલું છે – નારીનું સ્થાન ભગવાન જેવી ઊંચી અવસ્થા ધરાવે છે.

## 4. નારી સ્વાતંત્ર્ય અને તેનો ખોટો અર્થઘટન – મનુસ્મૃતિની સમજણ

નારીના માન અને મર્યાદા અંગે મનુસ્મૃતિમાં એક મોટું વિવાદાસ્પદ વાક્ય ઉલ્લેખાય છે:

न स्त्री स्वातन्त्र्यमर्हति।

એટલે કે સ્ત્રીને સ્વાતંત્ર્ય નથી મળતું.

પરંતુ મહાન વિચારક વિનોબા ભાવે આ વાક્યના અર્થની ઊંડાણપૂર્વક સમજ આપતા કહે છે કે: "આ વાક્યમાં 'સ્વાતંત્ર્ય'નો અર્થ આજની ભાષામાં 'આઝાદી' એવો ન હતો, પરંતુ એનો અર્થ છે – 'પોષણની જવાબદારી'. મનુ કહે છે કે સ્ત્રીના પોષણની જવાબદારી પિતા, પતિ અને પુત્રએ ઉઠાવવી જોઈએ – એટલે કે નારીને આજીવિકાની ચિંતાથી મુક્ત રાખવી જોઈએ."

સ્ત્રીને ઘર સંસ્કાર, સંસ્કૃતિ, સંવેદના અને સમાજ ગઢવાનું દાયિત્વ મળ્યું છે. આ શ્રેષ્ઠ કાર્યને નિભાવવા તે રોજગારીના દોડધામમાં ઘસી ન જાય તે એ સમયની ભાવના હતી.

એથી સ્ત્રીનું સ્થાન "મહિલા" તરીકે માન્યું છે, જે "મહિ+લા" એટલે મહાન શક્તિની ધારક છે.

સ્ત્રી શબ્દની ધાતુ છે સ્તૃ, અર્થ: વિસ્તાર કરનારી. પ્રેમ, શાંતિ, કરુણા અને સંસ્કારનો વિસ્તાર કરતી સ્ત્રી — સમાજનું તારણ કરતી તારિણી શક્તિ છે. તેવી જ રીતે નારી એટલે "न अरी इति नारी।" — "ન અરી ઇતિ નારી"

અર્થાત્ – જેનો કોઈ શત્રુ નથી, જે દયાની મૂર્તિ છે.

શાંતિની પ્રતિમૂર્તિ છે (સરસ્વતી),

શૌર્યની મૂર્તિ છે (દુર્ગા),

સમૃદ્ધિની દેવી છે (લક્ષ્મી).

આમ શાસ્ત્ર અને વિચારકોએ નારીને સર્વશ્રેષ્ઠ સ્થાન આપ્યું છે, જીવનદાયિની, સંસ્કૃતિના આધારસ્તંભ અને શક્તિના આધારરૂપ કહી છે.

## 5. ગીતાશાસ્ત્રમાં નારીના ગુણોની મહિમા

ભગવદ્ ગીતામાં (અધ્યાય ૧૦, શ્લોક ૩૪) શ્રીકૃષ્ણ સ્વયં કહે છે:

कीर्तिः श्रीर्वाक् च नारिणां स्मृतिर्मेधा धृतिः क्षमा।

અર્થાત્, સ્ત્રીઓમાં કીર્તિ (પ્રશંસા), શ્રી (સમૃદ્ધિ), વાક્ (વાણીનો સાદગીપૂર્વક ઉપયોગ), સ્મૃતિ (યાદશક્તિ), મેધા (બુદ્ધિ), ધૃતિ (ધીરજ) અને ક્ષમા (માફ કરવાની શક્તિ) જેવા શ્રેષ્ઠ ગુણો રહેલા છે.

આ સાત ગુણો નારીને કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર માટે અનિવાર્ય અને આધારભૂત બનાવે છે.

સૃષ્ટિના સર્જન વખતે પણ ભગવાને પહેલા પુરુષ બનાવ્યો, પછી સ્ત્રી – કારણકે સ્ત્રી એ ભગવાનની અંતિમ અને શ્રેષ્ઠ સર્જનાત્મક કૃતિ છે. તે માટેજ કહેવામાં આવ્યું છે કે:

"પરિવાર સ્ત્રી વગર અધૂરો છે, સમાજ સ્ત્રી વગર નકારાત્મક છે અને સંસ્કૃતિ સ્ત્રી વગર સાવ નિરાધાર છે."

સ્ત્રી પરિવારની ચાર પવિત્ર ભૂમિકાઓ નિભાવે છે:

માતા — વાત્સલ્યનો અખૂટ ધોધ,

ભગિની — સ્નેહની સરવાણી,

દીકરી — વ્હાલના દરિયા જેવી,

પત્ની — પ્રેમ અને સહભાગિતાની મૂર્તિ.

આ ચાર સ્ત્રી સ્વરૂપ વગર પરિવારની કલ્પના પણ બેસતી નથી. અને તેથી જ કદાચ કહેવાયું છે કે દીકરી બે કુળ ને તારે છે.

મૈથિલીશરણગુપ્ત નારીના ગુણો વિશે કહે છે:

"હૈ દુઃખ મેં વે ધીરતા, સુખમેં સદા વે શાંતિ દે;

શોભ શાંત્વના હૈ શોક મેં, ઔષધી હૈ રોગ મેં."

અને પદ્મપુરાણ કહે છે:

नास्ति भार्या समं सुखं, नास्ति भार्या समं पुण्यम्।

સ્ત્રી તે તીર્થ પણ છે, ઔષધ પણ છે, અને પવિત્રતા પણ છે.*"

એટલે જ સ્ત્રીને “પૃથ્વી સમાન” ગણવામાં આવી છે — ધારણશીલ, સહનશીલ અને જીવનદાયિની.

## 6. નારીના વૈદિક રૂપથી મહાકાવ્ય સુધીનો પ્રકાશપથ

વિખ્યાત કવિ ઉમાશંકર જોશી કહે છે:

"સૃષ્ટિની રચના પછી ઈશ્વર દરેક ઘરે જઈ શકતો ન હતો, એટલે તેણે માતાનું સર્જન કર્યું અને પોતાનું સ્થાન એમાં પૂર્યું."

અજેય મહાકવિ કાલિદાસ પોતાના મહાકાવ્ય "રઘુવંશ"માં ઇન્દુમતી વિશે લખે છે:

"ગૃહિણી સચિવઃ સખી મિત્રઃ,

પ્રિય શિષ્ય લલિતે કલા વિદ્યૌ."

પત્ની પતિ માટે:

ગૃહ વ્યવસ્થાપિકા છે (ગૃહિણી),મંતવ્ય આપતી મંત્રી છે (સચિવ),જીવનસાથીરૂપ સખી છે, કલાનો આસ્વાદ આપતી શિષ્યા પણ છે.

આપણા મહાભારતમાં પણ અનેક નારી પાત્રોએ આદર્શ ઊભો કર્યો છે. ઉદાહરણ તરીકે:

દમયંતી અને નળનો સંવાદ:

દમયંતી કહે છે:

"મહારાજ! તમે આ કઠિન વનમાં ભુખ્યાં અને થાકેલા હશો ત્યારે હું તમારી સેવા કરીશ. દુઃખમાં પત્ની જેટલું ઉત્તમ ઔષધ નથી."

નળ જવાબ આપે છે:

"દમયંતી! તું સાચું કહે છે. પત્ની ન માત્ર સહચર છે પણ દુઃખમાંથી ઉગારનાર મિત્રો કરતાં પણ શ્રેષ્ઠ છે."

આ પ્રસંગો દર્શાવે છે કે નારી માત્ર લાગણીઓની દેવી નથી, પરંતુ અવિભાજ્ય ધર્મસંગિની અને અર્થસહયોગી પણ છે.

મહાભારતના શાંતિપર્વમાં પણ કહેવામાં આવ્યું છે:

सुखाय प्रविविक्तेषु भवन्त्येता: प्रियम्वदाः।
पितरो धर्मकार्येषु भवन्त्यात्मसमाः मातरः॥

પત્ની એકાંતમાં મિત્ર, ધર્મમાં પિતૃ જેવી અને દુઃખમાં માતા સમાન છે.

આવા ઉદાહરણો ભલે મહાકાવ્યમાં હોય, પણ આજે પણ તે દરેક નારીમાં જીવંત છે — નિર્વિકાર, નિર્મળ અને નિર્માતા રૂપે.

## 7. સ્ત્રી – શ્રદ્ધા, શક્તિ અને શ્રીનું સાતત્ય

મહાભારત (આનુ. પર્વ ૧.૬૮.૪૭) મુજબ:

आत्मात्मनैव जनितः पुत्र इत्युच्यते बुधैः।
तस्माद्भार्या नरः परमेन मातृत्वत् पुत्रमात्रम्॥

અર્થાત્:

પંડિતો કહે છે કે પુત્ર પિતા પોતે પોતાની પુનઃસૃષ્ટિરૂપ હોય છે, તેથી પત્ની પિતાને માતા જેવી માનવી જોઈએ – સ્ત્રી માત્ર પત્ની નથી, તે 'માતૃત્વ'ની ધારક છે. મહાભારતનાં અનેક શ્લોકો સ્ત્રીના સાધ્વી રૂપનું મહિમા ગાન કરે છે:

"અતિશય ક્રોધ મળ્યો હોય તો પણ વિદ્વાન પુરુષે પત્નીને કઠોર ન કહેવાય,

કારણ કે રતિ (પ્રેમ), પ્રીતિ અને ધર્મ એ ત્રણેય સ્ત્રી આધારિત છે."

બીજે શ્લોકમાં કહે છે:

"સ્ત્રીઓ આત્માના અવતરણનું પુણ્યસ્થળ છે –

ઋષિઓ પણ નારી વગર સંતાન ઉત્પન્ન કરી શકતા નથી."આને આધારે અનેક આદર્શ નારી પાત્રોએ શાસ્ત્રોમાં પોતાનું અમર સ્થાન મેળવ્યું છે:

દ્રૌપદી – શ્રદ્ધા અને ધૈર્યની મૂર્તિ,

સાવિત્રી – યમરાજ સામે પણ પતિના પ્રાણ પાછા લાવનાર,

ગાંધારી – જ્ઞાની અને સંયમપૂર્ણ પત્ની,

કુંતી – શૂરવીર પાંડોવોના આધાર સ્તંભ,

મૈત્રી અને ગાર્ગી – વૈદિક જ્ઞાનની રોશની દીપાવનારી ઋષિકાઓ.

આ તમામ સ્ત્રીઓ માત્ર પાત્ર નહોતી –તેવી બળવાન શક્તિ હતી જે પરિવારનું તેમજ  પૃથ્વીનું આધાર સ્તંભ બની.

અંતે ભગવાન શિવનું "અર્ધનારી નટેશ્વર સ્વરૂપ" બતાવે છે કે નર અને નારી બંનેનું સમન્વય પૂરકતા તરફ લઇ જાય છે.

## 8. નારી પૂર્ણતાનું પ્રતિબિંબ – સંસ્કૃતિનો સ્તંભ

સ્ત્રી પાસે સ્વભાવગત ગુણો છે: કારુણ્ય, વાત્સલ્ય, ક્ષમાશીલતા, સહનશીલતા – આ બધાં ગુણો પ્રેમ અને પરિપક્વતા દ્વારા ખીલે છે. બીજી તરફ, પૌરુષ  દ્રઢતા, મહત્ત્વાકાંક્ષા, અને પ્રતિબંધ તોડવાની શક્તિ જેવા ગુણો પુરુષના સ્વભાવરૂપ છે.

પુરુષમાં નારીના ગુણોનો સંપર્ક અને નારીમાં પુરુષના ગુણોનું સંયોજન થાય ત્યારે સંપૂર્ણ માનવ બને છે આ છે ભારતીય દર્શન. એટલે જ કહેવાય છે: " દીકરો માતૃમુખી હોવો જોઈએ, અને દીકરી પિતૃમુખી હોવી જોઈએ." આ ઉક્તિ દર્શાવે છે કે નારી અને નર બંનેમાં એકબીજાના ગુણો હોવા જોઈએ – એ જ જીવનનું પરિપૂર્ણ સ્વરૂપ છે. તેથી આ સંશોધન પત્રમાં વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ અને અન્ય ગ્રંથોના આધારે સ્ત્રીના મહાત્મ્ય અને શક્તિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. નારી માત્ર ઘરની નહીં, જ્ઞાનની દેવી, શૌર્યની મૂર્તિ, મમતા નો દરિયો અને શક્તિનું સર્જક સ્વરૂપ છે. તેણી અસ્તિત્વની મર્યાદામાં રહીને પણ વિશ્વને સ્પર્શી શકે છે.

## 9. સમય સક્રિય નારી – વિભિન્ન ક્ષેત્રે પ્રખર અભિનય

આજની નારી માત્ર ઘર પૂરતી જ સીમિત નથી રહી. તેણે વિવિધ ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

પત્રકારિતા:

વિમલા પાટીલ, શોભા ડે

જેમણે સામાજિક, રાજકીય અને નારી મુદ્દાઓને અભિપ્રેરક દિશામાં લાવ્યા.

રમતગમત ક્ષેત્રે:

પી.ટી. ઉષા, અંજુ બોબી જોર્જ, સાનિયા મિર્ઝા,

આંતરરાષ્ટ્રીય સ્તરે સેરેના વિલિયમ્સ, મારીયા શારાપોવા

જેમણે વિશ્વ મંચ પર ભારત અને નારી શક્તિનું ગૌરવ વધાર્યું.

સંશોધન અને વિજ્ઞાન:

મેડમ ક્યુરી, ડૉ. ઇન્દિરા આર્યજાનું ટેસ્ટટ્યુબ બેબી સર્જન, કલ્પના ચાવલા ભારતની પ્રથમ અવકાશયાત્રી

જેમણે પુરુષપ્રધાન ક્ષેત્રમાં પણ પોતાનું સ્થાન કાબેલ બનાવ્યું.

સંગીત-નૃત્ય-અભિનય ક્ષેત્રે:

લતા મંગેશકર , આશા ભોંસલે, રુકમણી દેવી અરુન્ડેલ, બાલા સરસ્વતી, મૃણાલિની સારાભાઈ, હેમા માલિની, મેડમ મેનકા, ઝવેરી બહેનો, સોનલ માનસિંગ, સબાના આઝમી, આશા પારેખ, કુમુદીની લખ્યા, ઐશ્વર્યા રાય,અલકા યાજ્ઞિક, ઉષા ઉથપ, રીના રોય વગેરે જેઓ આજે પણ નારી કલાના આદર્શ રૂપ છે.

ઉદ્યોગ અને વ્યવસાય:

સુધા મૂર્તિ, શિખા શર્મા, ચંદા કોચર,

કલ્પના મોરપરિયા, મલ્લિકા શ્રીનિવાસન, પ્રિયા પૌલ

ભારતીય નારી ને આર્થિક રીતે સશક્ત બનવવાનો માર્ગ આપ્યો.

## 10.નારી – એક પ્રેરણા, એક દીવો

સાહિત્ય ક્ષેત્રે:

મહાદેવી વર્મા, અમૃતાપ્રીતમ, મહાશ્વેતા દેવી,

કુંદનિકા કાપડિયા, અવની ગુણવંત, ગીતાબહેન પારેખ

નારીમન, મમત્વ અને પ્રતિબદ્ધતાનો કાવ્યમય પ્રવાહ.

શૈક્ષણિક ક્ષેત્રે:

આનંદીબેન પટેલ, હંસા મહેતા, સરોજિની મહેતા,

ઉર્મિલાબેન દવે, તારાબેન મોડક, વિનોદિની નિલકંઠ

જેમણે નારી શિક્ષણ માટે માર્ગદર્શક બન્યું.

"આ તમામ મહિલાઓ એવા દીવો છે જેમના પ્રકાશે ભવિષ્યની નારી પોતાનો રસ્તો/પથ  જાણી શકે છે." આજે નારી:સાહસિક છે, સર્જનાત્મક છે, સંવેદનશીલ છે,અને એક સાથે માતા, પત્ની, પ્રેરણા, નેતા બની શકે છે.નારી જગત ને શત શત વંદન.

ઉપસંહાર :

વેદકાળથી માંડીને આજના બંધારણ સુધી નારીનું સ્થાન શ્રદ્ધા અને શક્તિથી ભરેલું રહ્યું છે. સ્ત્રીને દેવીઓ તરીકે પૂજવામાં આવે છે અને સાથે જ સમાજના ઘડતરમા પણ નારીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. "નારી મહાત્મ્ય" નો આશય એ છે કે સ્ત્રી પોતાની શક્તિ ઓળખે અને ભવિષ્ય ઘડવા માટે તેનો ઉપયોગ કરે. આ સંશોધન પત્ર એ વિચારને પુષ્ટિ આપે છે કે સમાજમાં સંતુલન ત્યારે જ આવે જ્યારે સ્ત્રી અને પુરુષ તત્વો સ્નેહ અને સન્માનથી જોડાય. આ સંશોધન ભારતીય શાસ્ત્રો અને નારીઓના ઐતિહાસિક યોગદાનના પ્રકાશમાં આ અનોખા તત્વને ઉજાગર કરે છે. આજની નારીને એ સંદેશ છે કે – તે પોતાનું મૂલ્ય ઓળખે,આત્મવિશ્વાસથી ઉભી રહે અને દરેક ક્ષેત્રે પોતાનું સ્થાન જગાવે. નારી એ માત્ર સહયોગી નહીં, પરંતુ જીવનના દરેક ક્ષેત્રે દીવા દાંડી સમાન પ્રકાશ ફેલાવતી શક્તિ છે જે આપણું ભવિષ્ય ઘડે છે.

આ સંશોધન પત્ર દ્વારા એ સાબિત થાય છે કે ભારતીય સંસ્કૃતિ સ્ત્રીને માત્ર સહાયક નહિ, પણ કેન્દ્રિય શક્તિ તરીકે માને છે. શાસ્ત્રો, ઐતિહાસિક ઉદાહરણો અને આધુનિક નારીઓ – બધાં જણાવી જાય છે કે સ્ત્રી શક્તિ, બુદ્ધિ અને સર્જનાત્મકતાનો સ્રોત છે.

"નારી પોતાનું તત્વ જીવંત રાખે, પોતાના પર ગર્વ સાંધી ઊભી રહે – એજ સાચું નારી મહાત્મ્ય છે."

પુરાતન શાસ્ત્રો, ઈતિહાસ અને આધુનિક યુગનાં ઉદાહરણો તે વાતને પુરવાર કરે છે કે જ્યારે સ્ત્રી શક્તિશાળી હોય છે, ત્યારે સમાજ સમૃદ્ધ બને છે. હકીકતમાં, હિંદુ સંસ્કૃતિ ધરાવતું ભારત જે ઉત્કૃષ્ટ રૂપે ઘડાયું છે તેનું મુખ્ય શ્રેય સ્ત્રીઓના કર્તાવ્યો અને

આધ્યાત્મિક શક્તિએ જ જાય છે. ભારતનું ભવિષ્ય પણ સ્ત્રીશક્તિના પ્રકાશથી ઉજાસિત રહેશે, કારણ કે જ્યાં નારીની પૂજા થાય છે, ત્યાં દેવતાઓનો વાસ હોય છે.

## REFERENCES

વેદ વ્યાસ. મહાભારત. ચોપાઈ પ્રકાશન, 2010.

વાલ્મિકી. રામાયણ. ગીતાપ્રેસ, ગોરખપુર, 2005.

મનુ. મનુસ્મૃતિ. ગીતાપ્રેસ, ગોરખપુર, 2007.

વેદોનું સંકલન. ઋગ્વેદ સંહિતા. ચિન્મય મિશન, 2011.

ઉપનિષદ સંકલન. બૃહદારણ્યક ઉપનિષદ, ચિન્મય મિશન, 2012

શ્રીમદ્ ભગવદ્ ગીતા. અનુવાદ: મોરારિબાપુ. હરિપ્રકાશન, 2015.

ઉમાશંકર જોશી. "નારીના પ્રકાશપથમાં". ઉમાશંકર ગ્રંથાવલિ, ભાગ 3, સાહિત્ય અકાદમી, 1998.

ઓશો રજનીશ. સ્ત્રી: એક અખૂટ શક્તિ. રાજનીશ ફાઉન્ડેશન, 2001.

હંસા મહેતા. નારી અને સમાજ.